Indian Journal of Social Sciences and Literature Studies
Vol. 4 Issue 1 January 2018 ISSN 2349-5634(Print) ISSN 2455-0973(Online)
© Indian Association of Contemporary Research and Publication

# વલસાડ શહેરની શાળામા અભ્યાસ કરતા તરૂણોની

# પરીક્ષાચિંતાનો તુલનાત્મક અભ્યાસ

**Parekh Kirtikaben Rajeshbhai**
**Ph.D. Research Scholars**

**Gujarat University, Ahmedabad**
**Gujarat**

1. પ્રસ્તાવના

માનવ વર્તન એક જટીલ ઘટના છે. તેથી જ તેને સમજવા તથા તેનો તાગ મેળવવા માનવી પુરાતન સમયથી પ્રયત્ન કરતો રહ્યો છે. માનવીની આ માનસિક કસરત આજપર્યંત અવિરત ચાલુ જ છે અને કદાચ ભવિષ્યમાં પણ ચાલુ રહેશે. માનવીના આ જ પ્રયત્નોના ફલસ્વરૂપ જ વાર્તનિક વિજ્ઞાન તરીકે મનોવિજ્ઞાનનો ઉદ્દભવ અને વિકાસ થયો છે. જુદા જુદા ક્ષેત્રે માનવ વર્તનની તરાહ જુદી જુદી હોવાથી મનોવિજ્ઞાનની અનેક શાખાઓ અસ્તિત્વમાં આવી છે. માનવ જીવનની દરેક અવસ્થાઓમાં પણ વર્તનની જુદી જુદી તરાહ જોવા મળે છે. જેનો અભ્યાસ વિકાસલક્ષી મનોવિજ્ઞાન હેઠળ કરવામાં આવે છે. વિકાસની દરેક અવસ્થાઓ પૈકી તારૂણ્યાવસ્થાનો સમયગાળો શારીરિક, માનસિક તથા વાર્તનિક ફેરફારની દ્રષ્ટિએ સૌથી વધુ અગત્યનો ગણાય છે. વ્યક્તિગત રીતે પણ આ અવસ્થામાંથી પસાર થતી વ્યક્તિ મુંઝવણ, તનાવ, ચિંતા તથા અનેક માનસિક સંઘર્ષોનો શિકાર બને છે. વળી, આ જ અવસ્થા દરમ્યાન શૈક્ષણિક કારકિર્દીની દ્રષ્ટિએ મહત્ત્વના વર્ષોનો પણ સમાવેશ થાય છે. તેથી માતા-પિતા તથા શિક્ષણશાસ્ત્રીઓ માટે પણ આ અવસ્થા પડકારજનક અને સંશોધનજનક છે. આ અવસ્થા દરમ્યાન માતા-પિતા દ્વારા થતો બાળકનો ઉછેર સૌથી વધુ પ્રભાવ ઉત્પન્ન કરનારું પરીબળ છે. માતા-પિતા બાળકને જુદીજુદી પરિસ્થિતિમાં, જુદીજુદી બાબતમાં જુદીજુદી રીતે જે રીતો દ્વારા લાલન-પાલન (ટ્રીટમેન્ટ) આપે છે તેની વિવિધ અસરો બાળકના વિવિધ પ્રકારના વિકાસને અસર કરે છે. આ ઉપરાંત બાળક પણ માતા-પિતા દ્વારા થતાં ઉછેરને કઇ રીતે પ્રત્યક્ષીકૃત કરે છે તે પણ એટલી જ અગત્યની બાબત ગણાય. પ્રત્યક્ષીકૃત બાળઉછેર પણ તરૂણોના વર્તનને સમજવા માટેનું ઉપયોગી પરિમાણ છે. તારૂણ્યાવસ્થામાં અને તે પહેલા વ્યક્તિને થયેલાં અનુભવો તેના વ્યક્તિત્વને ઘડે છે. વ્યક્તિવની દિશા નક્કી કરવામાં તારૂણ્યાવસ્થાનો ઉછેર તથા ઉછેર દરમ્યાનના અનુભવો સોથી વિશેષ અસર ઉભી કરે છે. તેથી તરૂણોની વર્તન તરાહ સમજવા માટે તેના વ્યક્તિત્વની તરાહને સમજવી આવશ્યક જ નહી, અનિવાર્ય છે.